**તા. ૨૭/૬/૨૪ :** ધો. ૮ (ગુ.મા., અં.મા.) ના SPC નાં વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજાયો. જેમાં **PI એન. આર. ચૌધરી સાહેબ,** હેડ કોન્સ્ટેબલ **ભાવેશકુમાર** શાળામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે વિદ્યાર્થીઓને આવકારી, નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ વિડીયો બતાવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કન્વી શિક્ષકઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ, સુરેશભાઇ પ્રજાપતિ, શીલાબેન કરમોકર







**તા. ૧૫/૮/૨૪ : સન્માન સમારોહ : હાંસોટ મુકામે યોજાયેલ જીલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં શ્રેષ્ઠ શાળા બનવા બદલ નારાયણ વિદ્યાલય, ભરૂચને સન્માનિત કરવામાં આવી.** આ કાયક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓના હસ્તે શાળાના આચાર્ય શ્રીમતી બીનિતાબેન ગોહિલને સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

**તા. ૧૫/૮/૨૪ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :** શાળામાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે કાર્યક્રમનાં મુખ્ય મહેમાન **મા.શ્રી દિવ્યરાજસિંહ બી. ગઢવી** (શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ યજ્ઞ હોસ્પિટલ ભરૂચનાં M.D.), તથા **મા. શ્રી ઋતુરાજસિંહ બી. ગઢવી** (શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ અંબિકા લોજિસ્ટિકનાં H.R. (ડાયરેકટર), તથા તેમનાં પિતાશ્રી **મા.શ્રી ભૂપેન્દ્રસિંહ ગઢવી**નાં વરદ્હસ્તે કરવામાં આવી. આ પ્રસંગે શાળા પૂર્વ પ્રાથમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં નાના ભૂલકાઓએ ભારતની આઝાદીમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ક્રાંતિકારીઓની વેશભૂષા રજૂ કરી હતી. અન્ય ધોરણનાં વિદ્યાર્થીઓએ દેશભકિત ગીત અને નૃત્ય રજૂ કર્યા હતાં. સાથે ધો. ૫ (ગુ.મા. અને અં.મા.)ના વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓનાં હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શાળાનાં SPC ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ યોજાઇ હતી. પરેડનું આાયેજન SPC ના કન્વીનર શ્રી સુરેશભાઇ પ્રજાપતિ તથા સહ કન્વીનર શૈલેન્દ્રસિંહ ગોહિલ, શીલાબેન કરમોકર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ આચાર્યા (ગુ.મા.) બિનિતાબેન ગોહિલ, વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.) શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય ગુ.મા.) તથા શાળાનાં શિક્ષક શ્રી શૈલેન્દ્રસિંહ ગોહિલ, ઉર્વશીબેન જાની, વંદનાબેન ભાભોર દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.









**તા. ૨૧/૮/૨૪ :** ભરૂચ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન તથા ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી અને ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા **''મારી ભાષા મારું ગૌરવ''** કાર્યક્રમ અન્વયે એક દિવસીય ભાષા સજ્જતા તાલીમ BAPS સ્વામી નારાયણ મંદિર, ઝાડેશ્વર મુકામે યોજાય. જેમાં શાળાનાં નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા. નાં આચાર્ય શ્રી જિજ્ઞેશભાઇ જોષી તથા અંગ્રેજી માધ્યમનાં આચાર્યા શ્રીમતી વિદ્યાબેન રાણા, ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા. નાં આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ તથા શાળાનાં શિક્ષકો નયનાબેન પટેલ, ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ, ચીમનભાઇ પરમાર, મનિષાબેન જાદવ, હેમાક્ષીબેન મૈસુરિયા, રીચાબેન રાણા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ તાલીમમાં નવી શિક્ષણ નીતિમાં માતૃભાષાનું મહત્વ અંતર્ગત ગુજરાતી ભાષાનાં સ્પષ્ટ ઉચ્ચાર, જોડણી અને શુધ્ધતાના નિયમોની ચર્ચા કરવામાં આવી. સાથે **માતૃભાષાનાં ગૌરવનું રસપાન લાકલાડીલા કલાકારો શ્રી અભેસિંહ રાઠોડ, શ્રી સાંઇરામ દવે, શ્રી શ્યામલ સૌમિલ અને આરતી મુન્શી દ્વારા કરાવવામાં આવ્યું.**

**તા. ૫/૯/૨૪ : શિક્ષક દિનની ઉજવણી :** શિક્ષક દિન એટલે શિક્ષક પ્રત્યે શ્રધ્ધા અને આદર દર્શાવવાનો દિવસ. તેમના યોગદાનને સન્માનિત કરવાનો દિવસ. આ ઉજવણી અંતર્ગત શાળામાંથી નિવૃત્ત થયેલ, શાળાનાં વિકાસમાં ધરોહરરૂપ, સતત ઉત્સાહી એવા **મા.શ્રી વિજયસિંહ ધરિયા** (ભૂતપૂર્વ આચાર્ય) તથા શિક્ષકો સુમિત્રાબેન મિસ્ત્રી, શ્રીમતી શ્વેતાબેન રાવલ, ભાનુમતીબેન સુરતી, શ્રીમતી હંસાબેન પટેલ, શ્રીમતી બેલાબેન પટેલ વગેરેનાં ઘરે જઇ તેમને શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અર્પી, મોં મીઠું કરાવી શાળાનાં શિક્ષક પરિવાર દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

શાળામાં પૂર્વ પ્રાથમિકથી માંડી ધો. ૧૨ સુધીનાં દરેક વિભાગમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું જીવન કવન, સમાજમાં શિક્ષકોનું યોગદાન, વિદ્યાર્થી જીવનમાં શિક્ષકનું મહત્વ, જેવા વિષયો પર નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા યોજાય હતી. આજનાં દિને ધો. ૫, ધો. ૧૨ કોમર્સ, ધો. ૧૨ સાયન્સનાં વિદ્યાર્થીઓએ શિક્ષકનો કાર્યભાર સંભાળી સ્વશાસન દિનની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોનું પૂજન કરી તેમના આર્શીવાદ મેળવ્યાં હતાં.

**તા. ૭ થી ૧૭/૯/૨૪ : ગણેશોત્સવની ઉજવણી :** શાળામાં શ્રી ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરી દસ દિવસ તેમની પૂજા અર્ચના કરવામાં આવી હતી. અંતે શાળામાં જ શ્રીગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. કન્વી. : જિજ્ઞેશભાઇ જોષી




**તા. ૨૦/૧૦/૨૪ : નવરાત્રી પર્વ ઉજવણી :** નવરાત્રી પર્વની ઉજવણીના ભાગ રૂપે શાળામાં ગરબાનું આયેજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ વિવિધ વસ્ત્રમાં સજજ થઇ ગરબામાં જોડાયાં હતાં. કન્વી. : શેફાલીબેન ઠાકર, નયનાબેન પટેલ





**તા. ૪/૧૨/૨૪ : શ્રી જીગરભાઇ દવે** (ચીફ બ્યુરો, નર્મદા ચેનલ, ભરૂચ): **વિષય : મિડીયા** તેમણે મિડીયાનું મહત્વ જણાવતાં કહ્યું કે, મિડીયા એ પ્રજા અને તંત્ર વચ્ચેની કડી છે. જે લોકોને પોતાની આસ-પાસ અને વિશ્વમાં બનતાં બનાવોથી માહિતગાર કરે છે. તેમણે ચેનલનાં વિવિધ પ્રકારોની વાત કરી હતી. ચેનલ નર્મદા જે ભરૂચ જિલ્લાનાં સમચારો દર્શાવે છે. તેની પ્રાથમિકતા આપતાં તેમણે શાળાનાં બાળકોને ન્યૂઝ રીડર રેકોડીગ કાર્યક્રમ પ્રત્યક્ષ નિહાળવા રૂબરૂ આવવા કહ્યું હતું. તેમણે શાળામાં થયેલ પારસમણિ પ્રોજેકટને પ્રશંસનીય ગણાવતાં કહ્યું કે, વિદ્યાર્થીઓને આ પ્રોજેકટ થકી સંસ્થા તેમને રિપ્રેઝન્ટ કરે છે.



**તા. ૧૭/૧૨/૨૪ : શ્રી અમિતભાઇ લિમ્બચીયા** (BAPS સત્સંગી) **વિષયઃ પ્રમુખ સ્વામી મહારાજનું જીવન ચરિત્ર** તેઓ આ શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ વાલી પણ છે .તેઓ બિરલા કોપરમાં સર્વિસ કરે છે. અને BAPS ના સત્સંગી છે. તેમણે **પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજનાં જીવનચરિત્ર**નાં કેટલાંક અદ્‌ભૂત પ્રસંગોની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, પ્રમુખ સ્વામી મહારાજ સ્વામી નારાયણ ભગવાનનાં પાંચમાં અધ્યાત્મિક વારસદાર અને ભસ્ષશ સ્વામી નારાયણ સંસ્થાનાં પ્રમુખ તેમજ ગુરૂ હતાં. પળેપળ બીજા માટે જીવવું અને પોતાની જાતને ભૂલી જઇને પરમાત્મામય રહેવું એ તેમનું જીવનસૂત્ર હતું. શ્રી અમિતભાઇએ પ્રમુખ સ્વામી મહારાજે આપેલા ઉપદેશો અને વિચારોને પોતાના જીવનનાં પથદર્શક બનાવ્યાં છે.



**તા. ૩/૧/૨૫ : શ્રી નામદેવજી સ્વામી (સ્થાનંદ સંસ્થા મૂલદ) દ્વારા સ્વાસ્થ્ય વિષય પર સુંદર માહિતી આપવામાં આવી.** તેમણે નાના બાળકોમાં વધતી બિમારીઓ, ફાસ્ટફૂડથી થતાં રોગો, વધુ પડતાં મોબાઇલનાં ઉપયોગથી થતી આડ અસરો વગેરે વિશે ખૂબ જ ઉંડાણપૂર્વક સમજ આપી હતી. સાથે તેમના શિદ્ધય કિશોરભાઇ અને ગોપાલભાઇ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

